આંક : ૫
દાખલ તારીખ : ૦૬ ૦૩ ૨૦૨૬
નિકાલ તારીખ : ૧૧ ૦૩ ૨૦૨૬
સમયગાળો :
કુલ :

# મે.ના.શ્રી ગાંધીનગરના મુખ્ય સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, ગાંધીનગર.

**ફોજદારી પરચૂરણ અરજી નંબર–૩૬૯/૨૦૨૬**

---

**અરજદાર** : કૌશલ હિતેશભાઇ પરીખ,
ઉં.વ.–૨૬, ધંધો–વેપાર,
રહે.૧૮૬૪/એ/૨, કૃષ્ણ ભવન,
ગરબાચોક, જુના વાડજ, અમદાવાદ.
(હાલ રહે.૨૨/સુપર બંગલોઝ, સ્વામીનારાયણ મંદિર પાસે, મેક ડોનાલ્ડની પાછળ, સોલા, સાયન્સ સીટી રોડ, અમદાવાદ.)

**વિરૂધ્ધ**

સામાવાળા : શ્રી સરકાર

**બાબત :** **સી. આર.પી.સી.ની કલમ–૪૩૯(૧)(બી) મુજબ વિદેશ જવા પરવાનગી મેળવવા તથા પાસપોર્ટ પરત મેળવવા અંગેની અરજી.**

| | | |
|---|---|---|
| ગુનો | : | અડાલજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર્ડ નંબર–૬૨/૨૦૧૮ |
| | | આઇ.પી.સી.ની કલમ–૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૨૦(બી) તથા આઇ.ટી.એકટની કલમ–૬૬ (બી), ૬૬ (ડી) મુજબ. |

| | | |
|---|---|---|
| અરજદાર તરફે વિ.વ.શ્રી | : | એસ. ડી. દહિયા |
| સરકારશ્રી તરફે વિ.ડી.જી.પી.શ્રી | : | એચ. એન. રાવલ |

---

## –:: ચૂકાદો ::–

(૧) અરજદાર/આરોપી વિરૂધ્ધ અડાલજ પોલીસ સ્ટેશન ફસ્ટ

ગુના રજીસ્ટર્ડ નંબર–૬૨/૨૦૧૮, આઇ.પી.સી.ની કલમ–૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૨૦(બી) તથા આઇ.ટી.એકટની કલમ–૬૬ (બી), ૬૬ (ડી) મુજબના ગુના નોંધાતા અરજદાર/આરોપીએ આગોતરા જામીન મેળવવા માટે ફો.પ.અ.નં.–૭૭૨/૨૦૧૮ વાળી દાખલ કરેલ હતી. જે ગાંધીનગરના મુખ્ય સેશન્સ જજ સાહેબશ્રીએ તા.૨૨/૦૫/૨૦૧૮ના રોજ શરતોને આધીન મંજુર કરેલ. જેમાં ફરમાવેલ શરતો પૈકી શરત નંબર–૬ મુજબ અરજદાર/આરોપીએ પોતાનો પાસપોર્ટ તપાસ કરનાર અમલદાર સમક્ષ જમા કરાવેલ છે. પરંતુ હાલમા અરજદાર/આરોપીને વેપાર અર્થે દુબઇ જવાનો પ્રસંગ ઉપિસ્થત થતા, ફો.પ.અ.નં.–૭૭૨/૨૦૧૮ના કામે ફરમાવેલ શરત નંબર–૫ અને ૬ મા આંશીક સમય માટે ફેરફાર કરી, ગુજરાત રાજયની હદ છોડી વિદેશ જવા પરવાનગી આપવા તથા વિદેશ જવા માટે તેમનો પાસપોર્ટ પરત મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનાની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના અરજદાર/આરોપી તથા સહ આરોપીઓએ એકસંપ થઇ, એકબીજાની ગુનાહિત મદદગારી અને મેળાપીપણામાં ઉવારસદ ગામે પુન્દ્રસાણ જવાના રોડ પર આવેલ વૃન્દાવન બંગલોઝ નંબર–૪૧માં ગેર કાયદેસર રીતે કોલ સેન્ટરમાંથી કોલ કરનાર વ્યકિત પોતે અમેરિકાના ન હોવા છતાં, મેજીક જેક ડીવાઇસમાંથી અમેરિકન ટેલીફોન નંબર આધારે અમેરિકન દેશમાં ચાલતા હોય તેવા ડેવીડ, થોમસ વગેરે જેવા નામ ધારણ કરી, પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરૂ રચી, તે ગુનાહિત કાવતરાના અનુસંધાને લીડ/ડેટા જે અન્યત્ર કોઇ જગ્યાએથી ચોરાયેલ હોવાનુ જાણવા છતાં તે ડેટાનો ગેર કાયદેસર ઉપયોગ કરી, અમેરિકન નાગરિકોને કોલ કરી, લોન આપવાની લાલચ તેમજ ભરોસો આપી, પોતાના આર્થીક ફાયદા સારૂ વેરીફીકેશન ફી ના નામે ડોલર મેળવી, છેતરપિંડી અને વિશ્વાસઘાત કરેલ હોવાના આક્ષેપો છે.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ અરજદાર/આરોપીની

અરજી મજબની રજુઆતો કરેલ છે અને પોતાની વિશેષ રજુઆતમા જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે ઉપરોકત મુજબનો ગુનો નોંધાયેલ છે. જે ગુનાની તપાસ પુર્ણ થતા, તપાસ કરનાર અમલદારે તપાસના અંતે હકુમત ધરાવતી અદાલતમા ચાર્જશીટ ફાઇલ કરેલ છે. જે ફોજદારી કેસ નંબર-૬૦૪૦/૨૦૧૮ થી નોંધાયેલ છે. જેની ન્યાયીક કાર્યવાહી જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસશ્રીની અદાલતમાં પેન્ડીંગ છે. ઉપરોકત મુજબના ગુના નોંધાતા, અરજદાર/ આરોપીએ આગોતરા જામીન મેળવવા માટે કરેલ ફો.પ.અ.નં.-૭૭૨/૨૦૧૮ વાળી કરેલ. જે નામ. અદાલતે શરતોને આધીન મંજુર રાખેલ. અરજદાર/આરોપી સામે ફરમાવવામા આવેલ શરતો પૈકી શરત નંબર-૫ અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી તથા શરત નંબર-૬ અરજદાર/આરોપીએ પોતાનો પાસપોર્ટ તપાસ કરનાર અમલદાર સમક્ષ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે મતલબનુ સોગંદનામુ રજુ કરવું. અરજદાર/આરોપીએ નામ. કોર્ટની શરતો મુજબ પોતાનો પાસપોર્ટ તપાસ કરનાર અમલદાર સમક્ષ જમા કરાવેલ. અગાઉ અરજદાર/આરોપીને ધંધાર્થે વિદેશ દુબઇ જવાનો પ્રસંગ ઉપિસ્થત થતા, અરજદાર/આરોપીએ પાસપોર્ટ પરત મેળવવા માટે ફો.પ.અ.નં.-૬૬/૨૦૨૬ વાળી કરેલ. જે નામ. કોર્ટે રૂા.૨,૦૦,૦૦૦/- ડીપોઝીટ ભરવાની શરતે મંજુર રાખી, અરજદાર/આરોપીને વિદેશ જવા ઉપરોકત બંને શરતો આંકીશ સમય માટે મોકુફ રાખી વિદેશ જવા પરવાનગી આપેલ. હાલમા અરજદાર/આરોપીને તા.૧૫/૦૩/૨૦૨૬ થી તા.૨૯/૦૩/૨૦૨૬ સુધી દુબઇ જવાનો પ્રસંગ ઉપિસ્થત થયેલ હોઇ ઉપરોકત બંને શરતો આંશીક સમય માટે મોકુફ રાખી વિદેશ જવા પરવાનગી આપવા અરજ કરેલ છે. અરજદાર/આરોપી વિદેશથી પરત આવ્યેથી પોતાનો પાસપોર્ટ પુન: કોર્ટમા જમા કરાવી દેશે. તેમજ તેમને જામીન પર મુકત કરતી વખતે ફરમાવેલ અન્ય શરતોનુ ચુસ્તપણે પાલન કરશે. તેમજ તેમની ગેર હાજરીમા તેમની સામેની ટ્રાયલને કોઇ અસર ન થાય તેનુ પણ ધ્યાન રાખશે વગેરે હકીકતો જણાવી, અરજદાર/આરોપીની હાલની અરજી મંજુર રાખી, તેમને આગોતરા જામીન પર મુકત કરતી વખતે ફરમાવેલ શરત નંબર-૫

તથા શરત નંબર–૬ તા.૧૫/૦૩/૨૦૨૬ થી તા.૨૯/૦૩/૨૦૨૬ સુધી મોકુફ રાખી, ગુજરાત રાજયની હદ છોડી વિદેશ (દુબઈ) જવા તથા તે માટે તેમનો પાસપોર્ટ પરત સોંપવા વિનંતી કરેલ છે.

(૪) આ સામે સરકારશ્રી તરફે વિ.ડી.જી.પી.શ્રીએ તપાસ કરનાર અમલદારના અભિપ્રાય મુજબની રજુઆતો કરેલ છે અને જણાવેલ છે કે, જો અરજદાર/આરોપીને ગુજરાત રાજયની હદ છોડી દુબઇ જવાની પરવાનગી આપવામા આવશે તો અરજદાર/આરોપી પરત આવશે નહી, નાસી ભાગી જશે અને તેમની સામેની ટ્રાયલ બીન જરૂરી રીતે વિલંબીત કરશે. તેથી અરજદાર/આરોપીની હાલની અરજી રદ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૫) અરજદાર/આરોપી સામના આક્ષેપીત ગુનાની હકીકત, અરજદાર/આરોપીની રજુઆતો તથા સરકારશ્રી તરફે વિ.ડી.જી.પી.શ્રીની રજુઆતો ઘ્યાને લીધી. અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવા અંગે ફો.પ.અ.નં.–૭૭૨/૨૦૧૮નો હુકમ વંચાણે લીધો. આ કામના અરજદાર/આરોપી તથા સહ આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી, ગુનાહિત કાવતરાના અનુસંધાને પોતે અમેરિકન નાગરિક હોય તે રીતે ભળતા નામ ધારણ કરી, અમેરિકન નાગરિકોનો ડેટા મેળવી, તેઓને લોન અપાવવાની લાલચ આપી, અલગ અલગ વેરીફીકેનના નામે ડોલરમાં ફી મેળવી તે પોતાના અંગત ઉપયોગમા લઈ અમેરિકન નાગરિકો સાથે ગુનાહિત છેતરપિંડી અને વિશ્વાસઘાત કરેલ હોવાના આક્ષેપો છે. જે ગુનાના કામે અરજદાર/આરોપીએ આગોતરા જીમન મેળવવા માટે અરજી કરતા તે અરજી મારા વિ.પુરોગામીશ્રીએ કેટલીક શરતોને આધીન મંજુર રાખેલ. જે શરતો પૈકી શરત નંબર–૫ ''અરજદાર/આરોપીએ નામ. ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.'' તથા શરત નંબર–૬ ''અરજદાર /આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો પોતાનો પાસપોર્ટ તપાસ કરનાર અમલદાર સમક્ષ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે મુજબનુ સોગંદનામુ કરવુ.'' જે શરત નંબર–૬ મુજબ અરજદાર/આરોપીએ

પોતાનો પાસપોર્ટ જમા કરાવેલ છે. ત્યારબાદ અરજદાર/આરોપીને વિદેશ જવાનો પ્રસંગ બનતા, અરજદાર/આરોપીએ પાસપોર્ટ પરત મેળવવા તથા ગુજરાત રાજયની હદ છોડવાની પરવાનગી મેળવવા ફો.પ.અ.નં.-૬૬/૨૦૨૬ વાળી કરતા, તે અરજી આ અદાલતે રૂા.૨,૦૦,૦૦૦/- ડીપોઝીટ પેટે ભરવાની શરતે તેમજ અન્ય શરતોનુ ચુસ્તપણે પાલન કરવાની શરતે અરજદાર/આરોપીની અરજી ગ્રાહય રાખેલ. ત્યારબાદ ફરીથી અરજદાર/ આરોપીને તા.૧૫/૦૩/૨૦૨૬ થી તા.૨૯/૦૩/૨૦૨૬ સુધી વિદેશ જવાનો પ્રસંગ ઉપિસ્થત થતા, હાલની અરજી દાખલ કરેલ છે. અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુકત કરતી વખતે ફરમાવવામા આવેલ શરતોનુ ચુસ્તપણે પાલન કરેલ છે, કોઇ શરતનો ભંગ કરેલ નથી. તેમજ અરજદાર/આરોપીને અગાઉ વિદેશ જવાની પરવાનગી આપવામા આવેલ હતી અને વિદેશથી પરત આવ્યેથી અરજદાર/આરોપીએ શરત મુજબ પોતાનો પાસપોર્ટ જમા કરાવેલ છે. આમ, અરજદાર/આરોપીએ નામ. કોર્ટે ફરમાવેલ તમામ શરતોનુ ચુસ્તપણે પાલન કરેલ છે. હાલમા અરજદાર/આરોપીને ધંધાર્થે ઉપરોકત જણાવેલ સમયગાળા માટે દુબઇ જવાનો પ્રસંગ ઉપિસ્થત થયેલ હોઇ હાલની અરજી દાખલ કરેલ છે. અરજદાર /આરોપીએ અરજી સાથે રજુ રાખેલ દસ્તાવેજો તથા અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનાની હકીકતો વગેરે જોતા, અરજદાર/આરોપીને વિદેશ જવાની પરવાનગી આપવામા આવે તો, ન્યાયનુ હિત જળવાશે તેમ જણાય છે. તેમ છતાં તપાસ કરનાર અમલદાર વ્યકત કરેલ દહેશત ધ્યાનમા લેતા, અરજદાર/આરોપીને મોટી રકમની ડીપોઝીટ જમા કરાવવાનો હુકમ કરવામા આવે તો તે ઉચીત જણાય છે. જેથી ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**-:: હુકમ ::-**

(૧) અરજદાર/આરોપીની હાલની અરજી આથી મંજુર કરવામા આવે છે.

(૨) અજદાર/આરોપી તા.૧૫/૦૩/૨૦૨૬ થી તા.૨૯/૦૩/૨૦૨૬ સુધી દુબઇ જવા સારૂ ફો.પ.અ.નં.-૭૭૨/૨૦૧૮ ના

કામે ફરમાવવામા આવેલ હુકમની શરતો પૈકી શરત નંબર–૫ મોકુફ રાખી ગુજરાત રાજયની હદ છોડવા તથા શરત નંબર–૬ મુજબ અરજદાર/આરોપી નો જમા પાસપોર્ટ ઉપરોકત સમય માટે નીચેની શરતોને આધીન પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.

**<u>શરતો</u>** :

:૧: અરજદાર/આરોપીએ ફો.પ.અ.નં.૭૭૨/૨૦૧૮ ના કામે ફરમાવવામા આવેલ અન્ય તમામ શરતોનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

:૨: અરજદાર/આરોપીએ અત્રેની અદાલતની નાઝર શાખામા રૂા.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) ડીપોઝીટ પેટે જમા કરાવવા અનેતે અંગેની પાવતી રજુ કર્યેથી અરજદાર/આરોપીને તેમનો પાસપોર્ટ પરત સોંપવો.(અગાઉ અરજદાર/આરોપીએ ફો.પ.અ.નં.–૬૬/૨૦૨૬ના કામે રૂા.૨,૦૦,૦૦૦/– ડીપોઝીટ પેટે અત્રેની અદાલતની નાઝર શાખામા જમા કરાવેલ હોઇ વધુ રૂા.૧,૦૦,૦૦૦/– ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે.)

:૩: અરજદાર/આરોપીએ ઉપરોકત સમયગાળા દરમ્યાન તેઓ વિદેશમાં જે સ્થળે રોકાવવાના હોય તે સ્થળનુ પુરેપુરૂ સરનામે ટેલીફોન નંબર સહિત આ અદાલત તથા તપાસ કરનાર અમલદાર સમક્ષ જાહેર કરવું.

:૪: અરજદાર/આરોપીએ તા.૩૦/૦૩/૨૦૨૬ સુધીમા ભારત પરત આવી જવુ અને તેની જાણ સબંધીત ટ્રાયલ કોર્ટને તથા તપાસ કરનાર અમલદારને લેખીતમા કરવી. તથા ૩૧/૩/૨૦૨૬ સુધીમા પોતાનો પાસપોર્ટ પુન: જમા કરાવવો અને તે અંગેની જાણ ટ્રાયલ કોર્ટ તથા તપાસ કરનાર અમલદારને લેખીતમા કરવી.

:૫: અરજદાર/આરોપીએ પાસપોર્ટ જમા કરાવ્યેથી ડીપોઝીટની રકમ પરત મેળવી શકશે.

:૬: અરજદાર/આરોપીએ તેમની સામે ચાલતા ફોજદારી કેસની ટ્રાયલને અસર ન થાય તેની કાળજી લેવી. જરૂરિયાત જણાય તો વીડીયો કોન્ફરન્સ મારફતે મુદતે હાજર રહી ટ્રાયલ ચલાવવામા સહકાર આપવો.

:૭: આ હુકમની જાણ સબંધીત ટ્રાયલ કોર્ટ તથા તપાસ કરનાર અમલદારને કરવી.

હુકમ આજ રોજ તારીખ ૧૧ મી, માહે–માર્ચ, સને–૨૯૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૩/૨૦૨૬ 
સ્થળ : ગાંધીનગર.
(B.H.K.)

(***આશિષ જે. એસ. મલ્હોત્રા***)
મુખ્ય સેશન્સ જજ, ગાંધીનગર.
(કોડ નંબર–જીજે ૦૧૫૦૪)